# ઉત્તર ગુજરાતમાં સપ્ટેમ્બરના આરંભમાં હળવા અને મધ્યમ વરસાદની આગાહી

## કેટલાક વિસ્તારોમાં ખેતી સૂકાઈ, કેટલાક તાલુકાઓને દુકાળગ્રસ્ત જાહેર કરવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ઉત્તર ગુજરાતમાં સપ્ટેમ્બરના આરંભમાં હળવો અને મધ્યમ વરસાદ વરસવાની આગાહી થઈ છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વરસાદની ઘટ વધીને ૬૫ ટકાથી વધુ થઈ છે. કેટલાક વિસ્તારોમાં ખેતી સૂકાઈ ગઈ છે. જ્યારે ૪ થી વધુ તાલુકામાં સરેરાશ ૪ ઈંચ વરસાદ પણ વરસ્યો નથી જેથી આવા તાલુકાઓને અત્યારથી દુકાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સરકાર સમક્ષ થઈ છે.

જેમ દિવસો પસાર થાય તેમ ખેતીનું ચિત્ર ઓછા વરસાદના કારણે સતત નબળું પડી રહ્યું છે. આ વર્ષે ચોમાસામાં બહુ જાજી બરકત નહીં આવે તેવા નિશાસા ખેડૂતો નાખી રહ્યા છે. કેટલાક ખેડૂતોએ તો કુદરત હવે ઉત્તર ગુજરાત ઉપર રૂઠી હોય તેવી હૈયાવરાળ ઠાલવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં આઝાદીના ૭૫ વર્ષ પછી પણ ખેડૂતોને સંપૂર્ણ સિંચાઈનો લાભ મળ્યો નથી. દર ચોમાસા દરમ્યાન કિંમતી પાણી વેડફાઈ જાય છે પરંતુ રાજ્યમાં આવેલી સરકારોએ દિઘર્દ્રષ્ટી રાખીને મોટા જળાશયો બનાવ્યા હોત તો ચોમાસા દરમ્યાન વરસાદની અછત હોય તો પણ ખેડૂતોને સિંચાઈનો પૂરતો લાભ મળે. જાણકારોના જણાવ્યા અનુસાર પાછલા ૨૦ વર્ષમાં ઉત્તર ગુજરાતમાં માત્ર એક જ લાંક ડેમ બનાવવામાં આવ્યો છે તેના ઉપરથી ખેડૂતોના સારા ભવિષ્ય માટે કોઈ ચિંતા કરનારૂ ન હોય તેવી લાગણી ખેડૂતોમાં બળવત્તર બની છે. સિંચાઈની અપૂરતી સવલત અને મોટાભાગના ખેડૂતોને ચોમાસામાં સારો વરસાદ વરસે તો જ સારી પાક ઉપજ મળે તેવી સ્થિતિ છે. પરંતુ વરસાદ સતત ખેંચાતાં કેટલાક વિસ્તારોમાં મકાઈ, બાજરી, તુવર, મગફળીનો પાક નિષ્ફળ જતાં ખેડૂતોએ ફરીથી ખેતર ખેડવાની શરૂઆત કરી છે. હવામાન વિભાગે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં વરસાદ વરસવાની આગાહી કરી છે. પરંતુ જો વરસાદ નહીં વરસે તો ઉત્તર ગુજરાતના હજારો ખેડુતો પાયમાલ બની શકે છે.

# અનોખી શાળા : જ્યાં ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે થાય છે સરાહનીય પ્રયાસ

## આકરૂન્દ હાઈસ્કુલમાં સવારે ૮-૦૦ થી શરૂ થાય છે શિક્ષણ કાર્ય, બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનો લર્નિંગ લોસ ઓછો કરવાનો પ્રયાસ : ધો.૧૦-૧૨ ની બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે આગવું આયોજન

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૯



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્યની પ્રથમ દિવસથી ચિંતા કરવામાં આવે છે. બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓએ છેલ્લા ૨ વર્ષથી શાળામાં અભ્યાસ કર્યો નથી તેમની લર્નિંગ લોસ વધુ છે. જેથી ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે સવારે ૮-૦૦ કલાકથી શિક્ષણ કાર્ય શરૂ થાય છે. સરકારની કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે ૫૦ ટકા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે બોલાવવામાં આવે છે.

શિક્ષણ, રમત-ગમત તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સમગ્ર જિલ્લામાં આકરૂન્દ હાઈસ્કુલે આગવી નામના મેળવી છે. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા ધો.૧ થી ૧૨ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્ક જાળવી રાખવામાં આવે છે. આચાર્ય તેમજ સ્ટાફ દ્વારા વિદ્યાર્થી ઉપર પ્રત્યક્ષ દેખરેખ રાખવાની સાથે અભ્યાસ કરતો વિદ્યાર્થી કયા વિષયમાં નબળો છે તેની વિગતો મેળવી વિષય શિક્ષકને તેની જાણકારી આપવામાં આવે છે અને પછી શરૂ થાય છે શિક્ષણ કાર્ય. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા ટ્યુશન પ્રથા ઉપર સખત પાબંધી લગાવી દેવામાં આવી છે. શાળામાં જ બોર્ડ પરીક્ષા આપનારા ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને સવારે ૮-૦૦ કલાકથી જીરો તાસ શરૂ કરી શિક્ષણ કાર્ય આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓ સતત ઉત્સાહીત રહે તે માટે દર ૨૫ વિદ્યાર્થી દીઠ ૧ શિક્ષકને મેન્ટર તરીકેની નિયુક્તિ આપવામાં આવી છે. પાછલા ૧૬ મહિનાથી કોરોનાના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થઈ શક્યું ન હતું. ઓનલાઈન શિક્ષણ અને હોમલર્નિંગ શિક્ષણ છતાં અભ્યાસમાં વિદ્યાર્થીઓ નબળા પડતા હોવાનું ધ્યાને આવ્યું. સરકાર દ્વારા ગત જુલાઈ મહિનાથી તબક્કાવાર ધો.૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા. આકરૂન્દ હાઈસ્કુલ દ્વારા ધો.૯ અને ૧૧માં માસ પ્રમોશનના કારણે ધો.૧૦ અને ૧૨માં આવેલા વિદ્યાર્થીઓની ૧ મહિના સુધી લર્નિંગ લોસ જાણ્યા પછી તા.૧૬ ઓગષ્ટથી શાળામાં બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ માટે સવારે ૮-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. શાળાના આચાર્ય જે.ડી. ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા દ્વારા દરરોજ સવારે ૮-૦૦ કલાકથી થતા શિક્ષણ કાર્ય ઉપર નજર રાખવાની સાથે કયા વિદ્યાર્થી વિશેષ શિક્ષણ કાર્યમાં સામેલ થયા નથી તેની નોંધ રાખે છે અને સતત ૩ દિવસ સુધી હાજર ન રહેનાર વિદ્યાર્થીના વાલીનો સંપર્ક કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં આકરૂન્દ હાઈસ્કુલ પ્રથમ એવી શૈક્ષણિક સંસ્થા છે કે જ્યાં સવારે ૮-૦૦ થી વિદ્યાર્થીઓના લર્નિંગ લોસને ઘટાડવા માટે શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.



### આકરૂન્દ હાઈસ્કુલના શિક્ષકોની નિષ્ઠાને ધન્યવાદ : કેળવણી મંડળ

હિંમતનગર : આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલે જણાવ્યું કે આકરૂન્દ હાઈસ્કુલમાં નિયમિત ધો.૧૦ અને ૧૨ના શિક્ષકો સવારે ૮-૦૦ કલાકથી શિક્ષણ કાર્યમાં જોડાઈ જાય છે. જાહેર રજા હોય તો પણ વિદ્યાર્થીઓના સારા ભવિષ્ય માટે નિયમિત અભ્યાસ કરાવી રહ્યા છે. વાલીઓએ પણ પોતાના સંતાનો નિયમિત શાળાએ આવે તે માટે જાગ્રત રહેવું પડશે. આકરૂન્દ હાઈસ્કુલના તમામ સ્ટાફની નિષ્ઠાને ધન્યવાદ આપ્યા હતા.

## કોરોનાના કારણે શીતળા માતા મંદિરે પાંખી હાજરી

# ઉત્તર ગુજરાતમાં શીતળા સાતમ પર્વની આસ્થા સાથે ઉજવણી

## અનેક મહિલાઓએ ઘર આગળ શીતળા મૂર્તિનું સ્થાપન કરી સામૂહીક પૂજન કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯



ઓછા વરસાદથી જન્માષ્ટમી પર્વ ઉપર સંકટ મંડરાયું છે તેની સીધી અસર જન્માષ્ટમી પર્વ ઉપર જોવા મળે છે. રવિવારે શીતળા સાતમ પર્વની ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોમાં આસ્થા સાથે ઉજવણી થઈ હતી. કોરોના વાયરસના કારણે શીતળા માતા મંદિરોમાં પૂંજા કરવા માટે આવતી મહિલાઓની પાંખી હાજરી જોવા મળી. પરંતુ શ્રદ્ધા અકબંધ દેખાઈ ફળીયા, મહોલ્લા અને ગામમાં મહિલાઓએ ઘર આગળ શીતળા મૂર્તિનું સ્થાપન કરી પૂંજન કર્યું હતું અને કથાનું વાંચન કર્યું હતું. ઉત્તર ગુજરાતમાં શામળાજી અને ખેડબ્રહ્મા નજીક શીતળા માતાના મંદિર છે ત્યાં પણ પાંખી હાજરી દેખાઈ.



તા.૨૯ ઓગષ્ટે જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકા અને તેના ૧૬૦૦ થી વધુ ગ્રામ્ય વિસ્તારોમાં આસ્થા સાથે શીતળા સાતમની ઉજવણી કરવામાં આવી હતી. અનેક પરિવારોએ શીતળા સાતમના દિવસે અન્યોના ઘરનું ભોજન આરોગવાની બાધા રાખી હોવાથી ભોજન મેળવી ભૂખ સંતોષી હતી. જ્યારે રાંધણછઠ્ઠના દિવસે રાંધેલું ભોજન જ આરોગવું શીતળા સાતમે ઘરમાં ચૂલા ન સળગાવવાની માન્યતા આજે પણ અનેક મહિલાઓએ સાચવી રાખી છે. પરંતુ નવી પેઢીની મહિલાઓએ હવે માન્યતાથી દૂર પોતાના ઘરે ગેસ સળગાવી ભોજન બનાવ્યા હતા. ગ્રામ્ય મહિલાઓએ શીતળા પૂંજન પૂર્વે નદીકાંઠે જઈ સ્નાન કર્યું હતું.

# કોઈ પણ સમાજના સર્વાંગિ વિકાસ માટે શિક્ષણ જરૂરી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ

## માનવજાત અને માનવતાના કલ્યાણમાં શિક્ષણ કેન્દ્ર સ્થાને રહ્યું છે મહેસાણામાં આરંભ પબ્લિક સ્કૂલનો શુભારંભ કરાવતા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલ : મહેસાણા તાલુકાના હેડુવા ગામે સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આરંભ પબ્લિક સ્કૂલનના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિ





મહેસાણા, તા. ૨૯

મહેસાણા બાયપાસ હાઈવે પર આરંભ પબ્લિક સ્કૂલના ઉદ્ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજ અને રાષ્ટ્રના સર્વાંગિ વિકાસ માટે શિક્ષણ જરૂરી છે. રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટીને પગલે રાજ્યમાં કન્યા કેળવણીને બળ પૂરૂ પાડ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે ગુજરાત શિક્ષણનું હબ બન્યુ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓ ચારિત્ર્ય ઘડતરનું ઉમદા કાર્ય કરી રહી છે શિક્ષણ થકી સમાજમાં કુરીવાજો દુર કરી પરીવર્તન લાવી શકાય છે. શૈક્ષણિક સંસ્થાઓ પણ નાવીન્ય શિક્ષણથી નવી પેઢીના સર્જનનું શ્રેષ્ઠ કામ કરવાનું છે. શ્રી સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ હેડુવા દ્વારા સંચાલિત શ્રી સેંધાભાઈ એમ દેસાઈ ગોરાદવાળા, ગોપાલક વિધા સંકુલ સંચાલિત આરંભ પબ્લિક સ્કુલ અંગ્રેજી માધ્યમન સંસ્થા દ્વારા નજીવી ફી થી પેઢીને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં સાંસદ સભ્યશ્રી શારદાબેન પટેલ, ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી, પુર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી-સાબરકાંઠામાં વરસાદી માહોલ

# મોડાસા શહેર સહીત ઠેર ઠેર વરસાદ વરસતા ખેડૂતોના હૈયે ટાઢક, કાચુ સોનુ વરસતા ખેતીને નવજીવન





મોડાસા, તા. ૨૯

અરવલ્લી-સાબરકાંઠામાં મેઘરાજાએ હાથતાળી આપતા દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે ચોમાસું પુરુ થવા આડે હવે માંડ દોઢેક મહિના કરતા ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે અરવલ્લી ના ચાર તાલુકા અને સાબરકાંઠા ના એક તાલુકામાં પણ ૧૦ ઈંચથી ઓછો વરસાદ નોધાયો છે. જેને લઈ આગામી દિવસોમાં સ્થિતિ કફોડી બની શકે છે કેવા ભણકારા વાગી રહ્યા છે.બંને જીલ્લામાં ખેડૂતોએ લાખ્ખો હેકટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર કર્યા પછી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતીત બન્યા હતા ત્યારે રવિવારે બપોરે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યા પછી વરસાદી ઝાપટા રૂપી મેઘમહેર થતા અને વરસાદી માહોલ સર્જાતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે અસહ્ય ગરમી અને બફારાનો સામનો કરી રહેલા લોકોએ રાહત અનુભવી હતી

ઉત્તર ગુજરાતમાં શ્રાવણ મહિનો પણ કોરોધાકોર સડસડાટ કરતો આગળ વધી રહ્યો છે. છતાંય મેઘરાજા આવે તેવા કોઈ એંધાણ નહીં વર્તાતા નબળા ચોમાસાના પગલે ખેડૂતો સહીત પ્રજાજનો સંકટમાં મુકાયા છે ત્યારે રવિવારે બપોરે વાતાવરણમાં એકાએક પલ્ટો આવવાની સાથે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર મેઘ મહેર થતા લાખ્ખો હેકટર ખેતી માટે કાચા સોના રૂપી વરસાદથી ખેડૂતોએ મહદંશે હાશકારો અનુભવ્યો હતો વાતવરણમાં ઉકળાટ અને ગરમી ઓછી થતા લોકોએ ઠંડકનો અહેસાસ અનુભવ્યો હતો બંને જીલ્લામાં આગામી બે ત્રણ દિવસમાં વરસાદ નહીં થાય તો ખેતીને ભારે નુકશાન થઈ શકે છે જળાશયોના તળિયા દેખાતા પીવાના પાણીની સમસ્યા મંડરાઈ રહી છે

# રાજ્ય સરકારના ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શક વહીવટના સિદ્ધાંતોને ઠોકરે ચડાવતી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા...

પાલનપુર, તા ૨૯

રાજ્યની સંવેદનશીલ ભાજપ સરકાર દ્વારા ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શક વહીવટ આપવાની નેમ સાથે નગરપાલિકા હદ વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ બાંધકામની મંજૂરી ઓનલાઈન આપવાનો ઐતિહાસિક નિર્ણય કરાયો છે.




ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા રાજય સરકારની ઉપરવટ જઈ ઓનલાઈન મળેલી બાંધકામની મંજૂરી પણ પાલિકાની ટીપી કમિટી દ્વારા ઈશ્યુ કરવાનો વિવાદિત ઠરાવ કરવા જઈ રહી છે. ટીપી કમિટીની આ કુચેષ્ટા પાછળ મલિન ઈરાદાઓ છતાં થતા હોવાની સાથે ખુદ રાજ્ય સરકાર ના સિદ્ધાંતોને ઠોકરે ચડાવી ભાજપની છબી ધુમિલ થતી હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. રાજ્યની ભાજપ સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી વિસ્તારમાં રહેણાંક અને કોમર્શિયલ બાંધકામની મંજૂરીમાં પારદર્શિતા આવે અને ગેરરરીતિઓ અટકે તે હેતુથી ઓનલાઈન મંજૂરી આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. કોમર્શિયલ બાંધકામની મંજૂરીમાં લાખો-કરોડો રૂપિયાની લેતીદેતીના આક્ષેપો વચ્ચે સરકારે ફેસલેસ સાથે ઓનલાઈન મંજૂરીનો નિર્ણય કરતા ગેરરીતિના દરવાજા બંધ થઈ ગયા હતા. જેના પગલે પાલિકાના કેટલાક સત્તાધીશોના સ્વ વિકાસ સાધી બે પાંદડે થવાના સ્વપ્રા રોળાઈ ગયા હતા. દરમિયાન, રાજ્યની ભાજપ સરકારના ઉપરવટ જઈ ખુદ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ટીપી કમિટી એ આગામી ૧લી સપ્ટેમ્બરે બેઠક બોલાવી છે. જેમાં એજન્ડા નંબર ૪ મુજબ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા ઓનલાઈન ડેવલોપમેન્ટ પરમિશન દ્વારા અપાતી બાંધકામ પરવાનગીઓ ટીપી કમિટીના ચેરમેનને લેખિતમાં ધ્યાને લાવ્યા બાદ જ ઈશ્યુ કરવા અંગેનો ઠરાવ કરવાનો કારસો રચાયો છે. આમ, ઓનલાઈન મળેલી બાંધકામ મંજૂરી પાલિકાની ટીપી કમિટી દ્વારા જ ઈશ્યુ કરવાના દુરાગ્રહને પગલે ખાયકીનો ખેલ ભજવાવવાની સાથે ભાજપની રહીસહી ઈજ્જતના પણ ધજીયા ઉડશે તેવી વાતો ચર્ચાના એરણે ચડી છે.

## જન્મદિને વધામણી



શ્રેયા મનિષકુમાર ભાટીયા
બાયડગામ



આમીનાબાનુ હનીફભાઈ લુહાર
ડેમાઈ, તા.બાયડ



શાન મિતેષભાઈ જોષી
(૫૮, વિવેકાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જીમિતભાઈ જે. પટેલ
(પ્રા.શિક્ષક)
(શ્રીધર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



શૈલષભાઈ આર. પટેલ
મોડાસા(આકરૂન્દ)



ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

## અવસાન નોંધ..



બાયડ : બાયડ તાલુકાના બોરલ ગામના સ્વ.ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ અને ડૉ.અરવિંદભાઈ બ્રહ્મભટ્ટનાં માતા માલીબેન ત્રિકમભાઈ બ્રહ્મભટ્ટનું નિધન થયેલ છે.